# માંગરોલ ના મહે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, માંગરોલ, જી. સુરત

આંક.____.

## ક્રિમીનલ કેસ નંબર. ૨૦૭૫/૨૦૨૩

ફરીયાદી :- શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :- લીલાબેન બાલુભાઇ ગામીત
રહેવાસી. જોરા ફળીયું, ડુંગરી ગામ,
તા. માંગરોલ, જી. સુરત.

બાબત : પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫.એ.એ. મુજબ નો ગુનો

---

ફરીયાદી તરફે વિધ્વાન એ.પી.પી. સુ શ્રી. એસ. આર. વસાવા
આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી. એસ. એમ. વસાવા

---

## -: ચુકાદો :-

૧. ફરીયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ તારીખ ૧૮.૩.૨૦૨૩ ના રોજ કલાક ૧૬.૩૦ વાગ્યાના સુમારે મોજે ડુંગરી ગામે જોરા ફળીયામાં પોતાના ઘરમાં પોતાના કબજામાં વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે એક પ્લાસ્ટીકના કેનમાં ૪ લીટર જેટલો દેશીદારૂ રાખી જે એક લીટર દેશીદારૂની કિંમત રૂપીયા ૨૦/- લેખે કુલ ૪ લીટર જેટલો દેશી દારૂ કિંમત રૂપીયા ૮૦/- નો મુદ્દામાલ રાખી પોલીસની રેડ દરમિયાન પકડાઇ જઇ આરોપીએ પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫.એ.એ. મુજબનો ગુનો કરેલ છે. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ કરી આરોપી વિરુધ્ધ ઉપરોકત ગુનાનું હાલનું ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. ત્યારબાદ આજરોજ આરોપી હાજર થતા તેઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપ્યાની ખાત્રી કરવામાં આવેલ. ત્યારબાદ આ કામના આરોપીએ પોતાનો ગુનો કબુલ કરવા તૈયારી બતાવી તેઓને તેમના વિરુધ્ધનો આક્ષેપીત ગુનો કબુલ હોવાનું જણાવી તે બાબતની કબુલાત પુરશીશ આપેલ અને ત્યારબાદ સદર આરોપીની પ્લી રેકર્ડ કરતા સદર આરોપીએ સ્વૈછીક રીતે અને રાજીખુશીથી ગુનાની કબુલાત કરેલ છે. આરોપીને ગુનાની ગંભીરતા તેમજ સજાની જોગવાઇ અંગે જણાવવા છતાં તેઓ તેમની ગુના કબુલાતની પુરશીશને વળગી રહેલ છે અને સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે તેઓથી અજાણતા ગુનો થઇ ગયેલ છે અને ગુનો કર્યાનો તેઓને પસ્તાવો છે અને હવે પછી ફરીથી તેઓ આવો કોઇ ગુનો નહી કરે તેવી ખાતરી અને ભરોસો આપી તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ કુટુંબકબીલાવાળા માણસ છે અને તેમના કુટુંબના ભરણપોષણનો આધાર તેમના ઉપર છે તેમ જણાવી રહેમ રાખી ઓછામાં ઓછી સજા તેમ જ ઓછામાં ઓછો દંડ કરવા અરજ કરેલ છે.

૩. સદર આરોપીની ગુના કબુલાતને ધ્યાને લેતા તેઓએ સ્વૈછીક અને રાજીખુશીથી ગુનાની કબુલાત કરેલ હોવાનું જણાઇ આવે છે. વધુમાં આરોપીની ગુના કબુલાતની પુરશીશની હકીકતોને ધ્યાને લેવામાં આવે તો આરોપીએ ભવિષ્યમાં ફરીથી આવો ગુનો નહી કરવાની ખાતરી આપેલ છે તેમ જ આ કામે તપાસ કરનાર અમલદારશ્રીએ પણ આરોપીનો હાલના સીવાય બીજો કોઇ આવા પ્રકારનો ગુનો કરેલ હોય તેવી કોઇ હકીકત ચાર્જશીટમાં જણાવેલ નથી અને તે સંજોગોમાં આરોપીનો આ પ્રથમ ગુનો હોવાનું જણાઇ આવે છે. આ તબકકે નામદાર ગુજરાત હાઇકોર્ટના *સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદ ઠાકોર* ના કેસમાં ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ તેમ જ *રમેશચંદ ભીખાલાલ સોની વિ. સ્ટેટ ઓફ ગુજરાત* ના કેસમાં ૨૦૧૩(૨) જી.એલ.આર. ૯૭૪ ના ચુકાદાઓમાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતો તેમ જ આરોપી સામે આક્ષેપીત ગુનાની સજાની જોગવાઇ તથા તેઓની કબુલાત પુરશીશમાં જણાવેલ હકીકતોને ધ્યાને લેતાં તેમ જ આરોપીએ સ્વૈછીક રીતે ગુનો કબુલ કરી પસ્તાવો વ્યકત કરેલ હોઇ અને હવે પછી ફરીથી આવો ગુનો કરશે નહી તેવી ખાતરી આપેલ હોઇ, આરોપીની સ્થિતી અને સંજોગોને ધ્યાને લઇ આરોપીને ઓછી સજા અને દંડ

કરી તેઓને સુધરવાની તક આપવી ન્યાયોચીત માની કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા અને દંડ કરવાથી ન્યાયનો હેતુ જળવાઇ રહેશે તેમ મારું સ્પષ્ટ માનવું છે અને તે સંજોગોમાં આરોપીની ગુના કબુલાતને ધ્યાને લઇ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -: હુકમ :-

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૪૧ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ ૬૫.એ.એ. મુજબના ગુનામાં તકસીરવાર ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂપીયા ૨૦૦/- [અંકે રૂપીયા બસો પુરા] નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન- ૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો.

આરોપીના જામીનખત રદ કરવા.

આજ રોજ તારીખ. ૯ મી સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ હુકમ સ્પેશીયલ સીટીંગ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ. ૦૯/૦૯/૨૦૨૩

( રાજેન્દ્ર ઘનશ્યામભાઇ બારોટ )
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
માંગરોલ, જી. સુરત
**Judge Code : GJ00572**